# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-06-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## અદાવાદ રથયાત્રા

**અમદાવાદના પરંપરાગત માર્ગો પર જય જગન્નાથના જયઘોષ સાથે ભગવાન જગન્નાથની 148મી રથયાત્રા ભ્રમણ કરી રહી છે. બપોરે બે વાગ્યાના ટકોરે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલભદ્રના રથ મોસાળ સરસપુર પહોંચ્યા હતા. છેલ્લા અહેવાલ પ્રમાણે રથ નિજ મંદિર તરફ પ્રયાણ કર્યુ છે. વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમાલપુર જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં ભાગ લીધો. પહિંદ વિધિ કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાનનો રથ ખેંચીને રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.**

**-----------------------------------------------------------------------------------------**

## કચ્છી નવા વર્ષ શુભેચ્છા : PM

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કચ્છી નવા વર્ષ અષાઢી બીજ નિમિત્તે વિશ્વભરના કચ્છી સમુદાયને કચ્છીમાં શુભેચ્છાઓ પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કચ્છના ભાઈઓ અને બહેનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા અને બધા માટે કાયમી સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશ્યલ મીડિયા પોસ્ટમાં કચ્છી નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.**

**-----------------------------------------------------------------------------------------**

## કચ્છી નવું વર્ષ

આજે અષાઢી બીજ એટલે કચ્છી નવું વર્ષ. આ દિવસે વાગડથી લઈ છેવાડાના લખપત સુધી વિવિધ ધાર્મિક, સામાજીક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. કચ્છના ખેડૂતો માટે આજનો દિવસ ખૂબ મહત્વપૂર્ણ છે. ખેડુતો દ્વારા આજે વાવણી કાર્યનો આરંભ કરવામાં આવ્યો હતો. મંદિરોમાં વહેલી સવારે દેવદર્શન કરી કચ્છીઓએ એકબીજાને અષાઢીબીજની શુભકામના પાઠવી હતી. આજે જિલ્લાભરમાં સ્નેહમિલન સહિત વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. નખત્રાણા તાલુકાના વિથોણ ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે બીજની ઉજવણી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## સાંસદ કાર્નિવલ

ભુજના હમીરસર કિનારે સાંસદ કાર્નિવલ થોડીજ ક્ષણોમાં થવાનો છે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ કાર્નિવલને ખુલ્લો મુકવાના છે. ખેંગારબાગથી ઉમેદનગર સુધીના માર્ગ પર મોટી સંખ્યામાં લોકો કાર્નિવલને માણવા એકઠા થયા છે. આ માર્ગ પર કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, નૃત્ય, પરંપરા, સંત-શૂરા, ઓપરેશન સિંદૂર, સ્વચ્છતા, પ્લાસ્ટિકમુક્ત ભારત જેવા વિષયોને આવરી લેતા 64 ફ્લોટ સાથે 2500થી વધુ કલાકારો પોતાની પ્રસ્તુતી કરશે. સાંસદ વિનોદ ચાવડા અને તેમની ટીમ દ્વારા સાંસદ કાર્નિવલનું આયોજન કરાયૂં છે.

---------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી કચ્છ મુલાકાત

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. બે દિવસ દરમિયાન છથી વધુ કાર્યક્રમોમાં ભાગ લેવાના છે. સાંજે કાર્નિવલમાં હાજરી આપ્યા બાદ રાત્રે ખાવડા બીએસએફ ચોકી ખાતે જવાનો સાથે સંવાદ કરશે અને કુરનમાં રાત્રીરોકાણ કરશે. આવતીકાલે કુરનની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કરાવશે. ત્યાંથી સરહદે જઇ 11 વાગ્યે આરઇ પાર્કની મુલાકાત લેશે. બપોરે ભુજ ખાતે લેવા પટેલ સમાજની હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ કરાવશે અને બપોર બાદ સિંદૂર વનમાં વૃક્ષારોપણ કરી ભૂમિપૂજન કર્યા બાદ ગાંધીનગર પરત જશે.

---

## કચ્છમાં વરસાદ

આજે આષાઢી બીજ કચ્છી નવા વર્ષે મેઘરાજાએ શુકન સાચવ્યું છે. રાત્રીના અરસામાં કચ્છમાં કેટલાક સ્થળોએ જોરદાર પવન સાથે વરસાદનું આગમન થયું હતું. આજે પણ કેટલાક સ્થળોએ વરસાદ પડ્યાના અહેવાલો સાપડ્યા છે. ભુજમાં બપોર બાદ પાંચ વાગ્યાના અરસામાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. માંડવીમાં વરસાદના પગલે બજારોમાં પાણી વહી નીકળ્યા હતા. મુન્દ્રા અને માંડવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. અબડાસામાં પડેલા વરસાદના કારતે તેરા-નેત્રા માર્ગ બંધ થયો હતો. અબડાસાના લાખણીયા પાસે નદીના પાણી માર્ગ પર ફરી વળ્યા હતા. નખત્રાણામાં વરસાદ બાદ એક મકાન પર વીજળી પડી હતી. સદભાગ્યે કોઇ જાનહાની થઇ નથી પરંતુ રહેણાંકના મકાનમાં આંશિક નુકસાની થઇ છે. હવામાન વિભાગ દ્વારા આજથી ત્રણ દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

---

## ભડલીમાં ગરીબનાથ દાદાનો ઉત્સવ

નખત્રાણા તાલુકાના ભડલી ગામે નાથ સંપ્રદાય પરંપરાના ગરીબનાથ દાદાના સ્થાનકે વાર્ષિક ઉત્સવ યોજાયો હતો. જેમાં પૂજન અર્ચન, આરતી, પેડી પ્રસાદ યોજાયા હતા. વર્ષો જૂની પરંપરા અનુસાર અમાસની સાંજે આ સ્થાનકે એક વર્ષની બકરી ઉભી રાખવામાં આવે છે. બકરીને ધ્રુજારી આવે તે સમય પ્રમાણ ઉપરથી ચોમાસામાં વરસાદના વાર્તારાનો અભ્યાસુ એંધાણ આપે છે. આ વર્ષે પતરીવિધિમાં ચોમાસામાં શ્રીકાર વરસાદ થવાના એંધાણ મળતા ઉપસ્થિત ભાવિકોમાં આનંદની લાગણી છવાઇ હતી. ગરીબનાથ દાદાના સ્થાનકે બે દિવસીય મહોત્સવમાં ભડલી, થરાવડા, કોટડા, વિંછિયા, વ્યારા, નથરકુઇ સહિતના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

# સિંદૂરવન - મુખ્યમંત્રી

ઓપરેશન  સિંદૂર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભુજ આવીને જે સ્થળે સભા યોજી હતી તે સ્થળે વન વિભાગ દ્વારા સિંદૂરવન બનાવવાનો નિર્ણય લેવાતા આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવશે. વનવિભાગના મુખ્ય વનસંરક્ષક સંદીપકુમારે જણાવ્યું હતું  કે  આ માત્ર વન નહીં શૌર્યનું પ્રતીક બનશે.

---------------------------------------------------------------------------------------